જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૦/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૪૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૮૧	૬	૧૧૬૮૭	૧૭૭૯૨	૬	૧૭૭૯૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૨૮૬	૩૦	૭૨૩૧૬	૭૩૩૦૯	૩૩	૭૩૩૪૨
કુલ		૮૮૮૧૬	૩૬	૮૮૮૫૨	૯૭૭૭૬	૩૯	૯૭૮૧૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪	૪,૮૪,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૪૫	૫,૪૫,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશનઃ

દાણીલીમડા પોલીસ સ્ટેશનના મારામારીના તથા નારોલ પોલીસ સ્ટેશનના નજર ચુકવી ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપીઓને મુદ્દામાલ રોકડા રુપિયા તથા ઓટોરિક્ષા સાથે પકડી બે ગુનાઓના વોન્ટેડ આરોપીઓને શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ બ.નં.૧૦૦૧૮ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે "નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૬૭૦/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના વોન્ટેડ આરોપીઓ નાશીર શેખ રહે.કાશીરામ નારોલ અમદાવાદ તથા આરીફ ઉર્ફે બટકા રહે.અલ્લાનગર દાણીલીમડા અમદાવાદ શહેરનાઓ બંને એક ઓટોરિક્ષા નં.જીજે.૨૭.ટીએ.૭૯૫૭ ની ચલાવી લઈ સુએજ ફાર્મ દાણીલીમડા તરફથી આવી અત્રે થઈ ઈસનપુર તરફ જવાના છે. " જે બાતમી હકીકત આધારે પંચો સાથે વોચમાં રહેતાં બાતમી હકિકતમાં જણાવેલ નંબરવાળી ઓટોરિક્ષા બે ઈસમો ચલાવી લઈ આવતાં તેઓને રોકી પુછપરછ કરતાં ઓટોરિક્ષા ચાલકે પોતાનુ નામ નાશીર નજીરભાઈ ઉર્ફે નમીરભાઈ જાતે શેખ ઉ.વ.૨૬ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.નુરાની મહોલ્લા અંસારી મદ્રેશાની બાજુમાં અલ્લાનગર દાણીલીમડા પોલીસ લાઈનની સામે દાણીલીમડા અમદાવાદ શહેરનો તથા તેની સાથે પાછળની સીટમાં બેસેલ ઈસમે પોતાનુ નામ આરીફબેગ ઉર્ફે બટકા ઈસ્માઈલબેગ જાતે મિરઝા ઉ.વ.૨૭ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.અજમેરી મહોલ્લો કાલેખાનના ઘરની સામે અલ્લાનગર દાણીલીમડા પોલીસ લાઈનની સામે દાણીલીમડા અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ. જેઓની પુછપરછ કરતાં આજથી પંદરેક દિવસ અગાઉ ઓટોરિક્ષામાં પેસેન્જરને બેસાડી તેની નજર ચુકવી બેગમાંથી રોકડા રુપિયા તથા મોબાઈલ ફોન તથા ડોક્યુમેન્ટ સાથેના પર્સની ચોરી કરેલાની કબુલાત કરી દાણીલીમડા પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૨૨૧૧૪૦૯/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૨૪, ૧૧૪ મુજબના મારામારીના ગુનામાં વોન્ટેડ હોવાની કબુલાત કરતાં આરોપીઓને નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૬૭૦/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં પકડી અટક કરી બે ગુનાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.





જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી **IPL-20-20** ક્રિકેટ લાઇવ મેચ નો મોબાઇલ ફોન ઉપર સટ્ટો રમતા ઇસમ ને પકડી પાડી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ હાલમાં ચાલી રહેલ નવરાત્રીના પવિત્ર તહેવારને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની મેધા ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો તા.૦૮/૧૦/૨૦૨૧ ના સાંજના ક.૧૭/૦૦ વાગ્યાથી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૦/૨૦ વાગે વિજય પાર્ક ત્રણ રસ્તા ખાતે આવતા સાથેના **અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ** નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે " **સરદાર ચોક રંગસાગર કોમ્પ્લેક્ષના બીજા માળે આવેલ કાચ વાળી ઓફિસ માં બ્રિજવાસી શ્રીનિવાસ શર્મા નાઓ હાલમાં દુબઇમાં ચાલતી આઇ.પી.એલ. ક્રિકેટ સટ્ટા બેટીંગનો સનરાઇઝ હેદરાબાદ તથા મુંબઇ ઇન્ડીયન નાઓ વચ્ચે આઇ.પી.એલ. ટવેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટ મેચનું દુબઇ ખાતે શેઝ જાયદ સ્ટેડીયમ અબુધાબી માં રમાઇ રહેલ ક્રિકેટ મેચનું ટી.વી.સ્ટાર સ્પોર્ટસ-૦૩ ઉપર જીવંત પ્રસારણ જોઇ તેના ઉપર પોતાના આર્થીક ફાયદા સારૂ મોબાઇલ ઉપર ક્રિકેટના સટ્ટા-બેટીંગનો હારજીત નો જુગાર રમી રમાડે છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી બાતમી હકિકત વાળી જગ્યા રંગસાગર કોમ્પ્લેક્ષ માં સીડી વાટે બીજા માળે ગયેલ અને બીજા માળે એક કાચ વાળી ઓફિસ માં રેઇડ કરી મોબાઇલ ફોન ઉપર પોતાના આર્થીક ફાયદા સારૂ ક્રિકેટ સટ્ટા બેટીંગનો દુબઇમાં ચાલતી સનરાઇઝ હેદરાબાદ તથા મુંબઇ ઇન્ડીયન વચ્ચેની આઇ.પી.એલ.ની ટવેન્ટી-ટવેન્ટી ક્રિકેટ મેચનું લાઇવ ટી.વી.સ્ટાર સ્પોર્ટસ-૦૩ ઉપર જીવંત પ્રસારણ મોબાઇલ ફોન ઉપર જોઇ તેની પાસેના મોબાઇલમાં રહેલ આઇ.ડી.ઉપર જુગાર રમી રમાડતા મોબાઇલ ફોન કિ.રૂ.૮,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ક.૨૨/૩૦ વાગે મળી આવી જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડાઇ જઇ જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૦૯/૧૦/૨૦૨૧

આરોપીઓના નામ:-

બ્રિજવાસી સ/ઓ શ્રીનિવાસ ખુપચંદ જાતે શર્મા ઉ.વ.૩૮ રહે.મ.નં-૫૪,આકાંશા ટેનામેન્ટ ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ અમદાવાદ શહેર

મુદ્દામાલ:-

એક સ્કાઇ બ્લ્યુ કલરનો વીવો વી-૧૯ મોડલનો મોબાઇલ ફોન IMEI NO-૮૬૦૩૦૪૦૪૫૬૯૨૭૫૮ તથા IMEI NO-૮૬૦૩૦૪૦૪૫૬૯૨૭૪૧ નો જેની કિ.રૂ.૮,૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૮૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨૮ બિયર ટીન અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૮૪૪/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ નેન્સી ચંદ્રવદન કાપડીયા (ઉ.વ.૫૨) (રહે. મૈત્રી એવન્યુ દક્ષીણી સોસાયટી મણીનગર) એ તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગસ્ટ/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) insurancefinancesolution112@gmail.com; accounts@gbic.com rahulkumar@gbicfunds.com ના ધારક (૨) ૯૯૮૩૫૯૨૫૪૨, ૮૪૪૮૨૯૮૬૧૪, ૬૦૬૯૪૫૨૪૯૦, ૯૩૫૦૮૫૩૭૯૬, ૮૫૮૮૦૦૬૪૬૧, ૮૯૨૯૬૫૮૧૧૭,૮૭૪૪૯૮૭૫૮૪, ૭૨૮૯૦૯૧૬૫૧,૭૪૬૫૮૮૩૯૮૯, ૭૫૦૩૧૨૦૦૮૪,૯૭૧૮૭૬૫૮૪૧, ૯૭૧૧૩૫૦૪૪૨, ૯૮૯૧૯૧૧૭૭૨, ૯૫૪૦૩૭૭૨૧૭, ૭૩૫૫૯૨૮૬૬, ૯૬૪૩૯૯૮૯૦૨,૮૧૮૧૮૩૨૮૪૩, ૯૭૧૮૫૮૨૯૩૭, ૭૦૭૧૯૪૧૬૪૯, ૯૩૧૯૮૧૩૩૧૬, ૭૨૮૯૮૪૪૮૨૭, ૭૪૨૮૮૩૯૨૦૫, ૯૫૮૨૯૮૪૪૪૨, ૭૪૨૮૭૨૩૧૮૯, ૮૪૪૮૧૪૦૩૩૭,૯૭૬૧૯૨૦૨૨૪, ૭૨૯૧૦૬૮૧૭૭, ૯૭૫૯૯૦૭૬૫૪, ૭૨૮૯૮૧૮૫૨૯, ૮૮૭૪૫૨૩૮૮૩, ૭૨૦૮૦૬૨૩૮૮, ૯૬૨૭૨૯૧૭૯૭, ૭૫૭૭૦૬૮૬૪૯, ૮૭૫૦૫૭૯૮૭૨, ૯૯૫૮૧૦૬૨૯૧, ૭૨૯૦૮૪૩૩૨૨,૭૫૫૭૨૬૪૩૮, ૯૨૦૫૫૧૪૮૬૮, ૯૫૮૨૮૭૨૨૨૭, ૭૫૫૦૪૯૯૩૨૬, ૮૮૨૬૨૧૯૩૨૬, ૭૦૬૫૬૭૭૩૭૫, ૭૦૬૫૮૮૪૯૭૯૦ ના ધારકોએ ભેગા મળી અલગ-અગલ મોબાઈલ નંબરથી નેન્સી કાપડીયાને ફોન કરી પોલીસીની સ્કીમ સમજાવી પોલીસી પર લોન મળશે તેવી લાલચ આપી નેન્સી કાપડીયા પાસેથી પ્રથમ પોલીસી ઉતારવાના પૈસા ભરાવડાવ્યા હતા. ત્યારબાદ ભરેલ પૈસા પરત આપવાની લાલચ આપી નેન્સી કાપડીયા પાસેથી વિમો ઉતરાવવા તેમજ ભરેલ નાણા પરત અપાવવા માટે વૉટ્સએપથી બનાવટી લેટરો મોકલી આપી નેન્સી કાપડીયા પાસેથી અલગ-અલગ પ્રોસીઝર પેટે રૂપિયા ૯૧,૭૬,૨૯૬/- થી વધુ રકમ ભરાવડાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ હંમેશભાઇ દશરથલાલ પટેલ (ઉ.વ.૩૪) (રહે. સોહમ રેસીડેન્સી મુરલીધર પાર્ટી પ્લોટની બાજુમાં સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હંમેશભાઈ પટેલ સોલા એસ.જી.હાઇવે કારગીલ પેટ્રોલપંપ ગણેશ મેરેડીયન સી-૩૦૬ ખાતે ફુટનો ધંધો કરતા હોઈ માહે એપ્રીલ/૨૦૨૧ થી જુન/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દિલીપભાઇ ભીખાભાઇ પ્રજાપતિ (રહે.સત્યમ સોસાયટી કડી કલોલ હાઇવે, કડી જી.મહેસાણા) (૨) રમેશભાઇ હરચંદજી માળી (રહે. વાત્સલ્ય બંગલોઝ શુકન બંગ્લોઝની બાજુમાં કરણનગર રોડ કડી જી.મહેસાણા) (૩) રવિભાઇ નરેન્દ્રભાઇ પટેલ (રહે. વેદીકા હેપ્પીવેલી રાદેસણ કુડાસણ ગાંધીનગર) અને (૪) સાગર કિરીટભાઇ ભાટીયા (રહે. નિલધારા શોપીંગ સેન્ટર વ્યાસવાડી ચાર રસ્તા નવા વાડજ અમદાવાદ) એ ભેગા મળી હંમેશભાઈ પટેલ પાસેથી ફુટ ખરીદી કરી થોડા સમયમાં ફુટના પૈસા આપવાની વાત કરી રૂપિયા ૫૫,૭૦,૧૪૧/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૮૪૫/૨૦૨૧**

રામોલઃ સંદીપ રામજીવનભાઇ સોની (રહે.દેવીકૃપા ટેનામેન્ટ સીતારામ સીટી સામે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૪૫ થી તા.૦૯/૧૦/૨૦૨૧ કલાક ૫/૩૦ વાગ્યા દરમયાન પોતાના મકાનના દરવાજાનનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૮૪૬/૨૦૨૧**

કાલુપુરઃ મહેન્દ્રભાઇ રણછોડભાઇ પટેલ (ઉ.વ.૪૬) (રહે. મંદીરવાળો વાસ ગામ-એણાસણ તા.દસક્રોઈ જી.અમદાવાદ) એ તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલ્વે સ્ટેશન બહાર બીએસએનએલ ઓફીસ પાસે રિક્ષા ચાલકની મદદગારીથી ત્રણ પુરૂષોએ મહેન્દ્રભાઈની નજર ચુકવી રોકડ રૂપિયા ૧,૩૬,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

ઓઢવઃ મિતાબહેન વા/ઓ ભરતભાઈ પટેલ (ઉ.વ.૫૭) (રહે. ગોકુલધામ સોસાયટી સ્મુતિ મંદિર સામે ઘોડાસર) એ તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૧ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ રાજેન્દ્રપાર્ક ચાર રસ્તાથી ઓઢવ વિમલ પાર્ક ત્રણ રસ્તા આગળ હીરાબા જવેલર્સ સુધીની ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ મિતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૪૭/૨૦૨૧**

વાડજઃ બ્રિજેશભાઈ ચંદ્રવદનભાઈ જની (ઉ.વ.૩૬) (રહે. આકાશદીપ એપાર્ટમેન્ટ અખબારનગર સર્કલ પાસે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપાલસિંહ રઘુવીરસિંહ ચલાવે છે.

સરખેજઃ સંજયભાઈ સ/ઓ ગણેશભાઈ વેગડા (ઉ.વ.૨૬) (રહે.શકિતનગર તલાવડી નવી ફતેવાડી ધોળકા રોડ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના પાઈપ સાથે કંતાન બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હેકોશ્રી અજીતસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

બાપુનગરઃ જ્યોતીબહેન વા/ઓ મહેશભાઇ પુરબીયા (ઉ.વ.૩૭) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ૬૩૯ સામે હનુમાન મંદીર પાસે ૧૩૭ છેલ્લા બસ સ્ટેન્ડ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.જાદવ ચલાવે છે.

નિકોલઃ પંકજભાઇ ધુળાભાઇ પંચાલ (ઉ.વ.૪૫) (રહે. સાઇહેવન એપાર્ટમેન્ટ ડી-માર્ટ સામે નિકોલ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી.એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

વટવાઃ રનીતાકુમારી વા/ઓ પ્રેમકુમાર સિન્હા (ઉ.વ.૨૨) (રહે. મોહજગત સોસાયટી વિંઝોલ ક્રોસીંગ પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

નારોલઃ રમીલાબહેન વા/ઓ બળવંતરાય ગળીયા (ઉ.વ.૬૦) (રહે. મધ્યમ વર્ગ સોસાયટી શાહવાડી ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૧ રાતના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને રતન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.